# જાહેર ખબર

આથી સંબંધિત ઈસમો/પાર્ટીઓ/ઇજારદાર ભાઈઓને જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોલેજ હસ્તકના પરિસરમાં આવેલ રાવણાના ફાલની (પાકા ફળ ઉતારવાની) જાહેર હરરાજી નીચેની વિગતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા તમામ ઈસમો/પાર્ટીઓ/ઇજારદાર ભાઈઓને હરરાજીમાં ભાગ લેવા હાજર રહેવા આ જાહેર ખબરથી જાણ કરવામાં આવે છે.

હરરાજીનું સ્થળ : સાગડીવીડી ફાર્મ જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

હરરાજીની તારીખ : ૦૩/૦૩/૨૦૨૫ સમય : સવારે ૧૦ :૩૦ કલાકે

૧) હરરાજીમાં ભાગ લેવા માટે હરરાજી શરૂ થતા પહેલા રૂ.૨૦૦૦/- ડીપોઝીટ પેટે કચેરીમાં સ્થળ પર જમા કરાવવાના રહેશે. જે રકમ ઈજારો રાખનાર ઈસમોની ડીપોઝીટમાં મજરે અને બાકીના ઇસમોને હરરાજી પૂર્ણ થતા પરત કરવામાં આવશે.

૨) જેની માંગણી મંજુર થશે તેણે હરરાજીની માગણીની કુલ રકમનાં ૧૦% ડીપોઝીટ તરીકે સ્થળ પર તરત જ જમા કરાવવાની રહેશે.

૩) રાવણાનો ફાલ કચેરીના ચાલુ દિવસ દરમ્યાન રૂબરૂ જોઈ શકાશે.

૪) હરરાજી ની અન્ય શરતો હરરાજી વખતે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

ફળાઉ રાવણા નાં ઝાડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ નં. | રાવણાનાં ઝાડની વિગત | પ્લોટ નં./સ્થળ | ઝાડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાવણા નાં ફળાઉ ઝાડ | અત્રેની કોલેજ હસ્તકના પરિસર વિસ્તારમાં | ૭૪ |

જાં.નં. જુ.કૃ.યુ./કૃઈટેકો/જ.સ.સે./ ૨૦-૨૯ /૨૦૨૫ જુનાગઢ

તા. ૨૧/૦૨/૨૦૨૫

આચાર્ય અને ડીન
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
જુનાગઢ

નકલ સવિનય રવાના જાણ થવા સારૂં પ્રતિ......

૧. સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ

નકલ સવિનય રવાના જાણ થવા તેમજ પ્રતિનિધિને હાજર રહેવા સારૂં.......

૧) સંશોધન નિયામકશ્રી,ના પ્રતિનિધિ, સંશોધન નિયામકશ્રી, જુ.કૃ.યુ., જુનાગઢ

૨) બાગાયત કોલેજ, આચાર્યશ્રીના પ્રતિનિધિ જુ.કૃ.યુ., જુનાગઢ

૩) કમિટીના પ્રતિનિધિશ્રીઓને જાણ થવા સારૂં............

૧) ડો. કે.એમ.કારેથા, બાગાયત શાસ્ત્ર વિભાગ

૨) શ્રી ડી.એસ.થાનકી, મદદ. પ્રાધ્યા., આરઈઈ

૩) ડો.આર. જે. પટેલ, મદદ. પ્રાધ્યા., એસ.ડબ્લ્યુ.સી.ઈ

નકલ સવિનય સાથ રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે.

૧) આ કચેરીના નોટીસ બોર્ડ પર

૨) આઈ.ટી.સેલ. વિભાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

૩) મામલતદારશ્રીની કચેરી, સરદારબાગ, જુનાગઢ

૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી ની કચેરી સરદારબાગ, જુનાગઢ

૫) કમીશ્નરશ્રી, મહાનગર પાલિકા, જુનાગઢના નોટીસ બોર્ડ પર..........

૬) સંબંધિત ઇસમો નેટ પર બહોળી પ્રસિદ્ધિ અર્થે.

૭) સિક્યુરીટી ઓફિસરશ્રી, મોતીબાગ, જુ.કૃ.યુ., જુનાગઢ

# શરતો

૧) જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે ઈસમો/પાર્ટીઓએ હરરાજી શરુ થતા પહેલા માંગણીપાત્ર થવા માટે રૂ.૨૦૦૦/- ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. જે રકમ હરરાજી પૂરી થયે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨) જેની બોલી માન્ય રહેશે તેણે માગણીની કુલ રકમની ૧૦% રકમ ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરાવવાની રહેશે જે રકમ મુદત પૂરી થયે અને ફાર્મમાં કોઈ નુકશાન ન થયાનું યોગ્ય અધિકારીનું પ્રમાણપત્ર મળ્યે વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૩) ઇજારદારે ફળ કચેરી સમય દરમ્યાન કેમ્પસ બહાર લઇ જવા માટે આ કચેરીએથી નિયત ગેટ પાસ મેળવી લેવાનો રહેશે.

૪) આ ઈજારો ફક્ત રાવણા નાં ફળ ઉતારીને લઇ જવાનો છે.

૫) રાવણાનાં ફાલના ઈજારાની મુદત તા. : ૩૧/૦૭/૨૦૨૫ સુધીની છે.

૬) રાવણાનાં ઝાડને પિયત આપવાની સગવડ ન હોવાથી ઈજારો રાખનાર ઇસમેં તેમના દ્વારા પિયતની સગવડ કરવાની રહેશે.

૭) રાવણાના ઝાડને પાણી પાવાની, ધોરીયા પાળા કરવાની અને નિંદામણ તથા દવા છાંટવાની કામગીરી ઇજારદારે કરવાની રહેશે. કચેરી તરફથી માત્ર વાર્ષિક ભલામણ મુજબનું રાસાયણિક ખાતર જ આપવામાં આવશે.

૮) જેમની બોલી માન્ય રહેશે તે ઈજારો રાખનાર ઇજારદારે ઈજારાની પૂરી રકમ એકજ હપ્તે ભરવાની રહેશે. જેનો ઈજારો મંજુર થાય તેની કુલ રકમ ચાર અઠવાડિયા સુધીમાં ભરી દેવાની રહેશે. અને કચેરીમાં નાણા ભર્યા અંગેની નિયત પહોંચ મેળવી લેવી. ઈજારાની પુરેપુરી રકમ ભરપાઈ થયા બાદજ ફળ ઉતારવા દેવામાં આવશે. નિયત મુદતમાં ઈજારાની રકમ ભરપાઈ કરવામાં નહી આવે તો ઈજારો રદ થશે અને ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત થશે.

૯) ઝાડને ફળ ઉતારતા નુકશાન થશે અથવા ઈરાદાપૂર્વક નુકશાન કરવામાં આવશે તો નુકશાનીની રકમ ડીપોઝીની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૦) વાવાઝોડા, અતિવૃષ્ટિ કે કોઈ પણ પ્રકારની આસમાની સુલતાનીના કારણોસર ફળ ઝાડ કે ફળમાં કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી આ કચેરી કે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની રહેશે નહી.

૧૧) બાગમાં રાખવામાં આવેલ રખોલીયાનાં નામ સરનામાં આ કચેરીમાં રજુ કરવાના રહેશે. આ માણસોની વર્તણુક યુનિવર્સિટી કે આ વિભાગના હિતને નુકશાન કર્તા જણાશે તો તેવા માણસોને છુટા કરવાના રહેશે.

૧૨) બાગ કે પ્લોટમાં લીલા સુકા લાકડા કે ઘાંસ પર ઇજારદારનો કોઈ હક્ક રહેશે નહી.

૧૩) ઝાડ પરથી ફળ લઇ જવાનો સમય સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦ થી ૬.૦ સુધીનો રહેશે.

૧૪) જેની પાસે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું લેણું હશે તેઓ હરરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૧૫) ઇજારદાર ઈચ્છા ધરાવતા હશે તો પણ આ ઈજારો ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહી.

૧૬) ઝાડ સાથે કામ કરનાર ઇજારદાર અથવા તો તેમના માણસોને કોઈપણ પ્રકારનો અકસ્માત નડે તો તેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

૧૭) ઇજારદારને રહેવા માટે અત્રેથી કોઈ સુવિધા ઉપલબ્ધ થશે નહી.

૧૮) જાહેર હરરાજીમાં બોલવામાં આવેલ બોલી માન્ય રાખવી કે નહી તેની અબાધિત સત્તા હરરાજી કમિટીની રહેશે. અને બોલવામાં આવેલ બોલી યોગ્ય નહી લાગે તો હરરાજી રદ કરવામાં આવશે.

૧૯) જંગલી પશુઓ/પક્ષીઓથી રક્ષણ માટે બગીચા કે ફાર્મમાં કોઈપણ પ્રકારના સ્ફોટક/ઝેરી પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહી.

૨૦) ફાર્મ કે બગીચામાં રાત્રીના સમય દરમ્યાન નોંધાયેલા વાહનોની અવર-જવર થઇ શકશે. આવા વાહનોની નોંધ સિક્યુરીટી ઓફિસે કરાવી લેવાની રહેશે.

૨૧) આ શરતો અમને વાંચી સંભળાવવામાં આવેલ છે અને જે અમોને માન્ય છે તે બદલ અમોએ નીચે સહી કરી આપેલ છે.

૨૨) જે તે પાર્ટીને ઈજારાના ભાવ મંજુર થાય તેને ડીપોઝીટની તથા ઈજારાની રકમ રોકડા/ચેક દ્વારા ભરવાની રહેશે.

સ્થળ : જુનાગઢ
તારીખ : ૨૧/૦૨/૨૦૨૫

આચાર્ય અને ડીન
કૃષિ ઈજનેરી અને ટેક કોલેજ
જુ.કૃ.યુ., જુનાગઢ